પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૮૭ કુલ પાના : ૪ તારીખ : ૨૯-૦૭-૨૦૨૪ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દિલ્હીના રાજેન્દ્રનગરના આઈએએસ કોચિંગ સેન્ટરમાં 'બેદરકારીના પૂર'એ ૩ યુપીએસસી વિદ્યાર્થીઓનો જીવ લીધો

નવીદિલ્હી,

સિવિલ સર્વિસની તૈયારી કરારા વિદ્યાર્થીઓ માટેનું કોચિંગનું હબ ગણાતા દિલ્હીના ઓલ્ડ રાજેન્દ્રનગરમાં આવેલા એક કોચિંગ સેન્ટરમાંથી ખુબ જ ચિંતાજનક મામલો સામે આવ્યો છે. આ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા જેના કારણે ત્રણ વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા. આ મામલે બે લોકોની અટકાયત કરીને તેમની પૂછપરછ થઈ રહી છે. આ ઘટના રાવૈં છજી કોચિંગ સેન્ટરમાં ઘટી. દિલ્હી સરકારે ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. દિલ્હી ફાયર ડિપાર્ટમેન્ટને શનિવારે સાંજે સાત વાગે કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા હોવાની સૂચના મળી હતી. ડિપાર્ટમેન્ટને કોલ કરવામાં આવ્યો હતો કે કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાયા છે અને અનેક વિદ્યાર્થીઓ ફસાયેલા છે.



સ્થિતિની ગંભીરતા જોતા એનડીઆરએફની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું. સ્થિતિ એવી હતી કે ડાઈવર્સે પાણીમાં ઉતરવું પડ્યું હતું.

કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં લાઈબ્રેરી બનેલી છે. જેના કારણે વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરતા હતા. એવું કહેવાય છે કે વરસાદના કારણે અને પાણી નિકાસની સમસ્યાના કારણે અચાનક કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા હતા. મળતી માહિતી મુજબ બેઝમેન્ટની અંદર પથી ૬ વિદ્યાર્થીઓ હતા જૈં છજી ની તૈયારી કરતા હતા. હાલ ઘટના સ્થળે એનડીઆરએફની ટીમ, દિલ્હી પોલીસના જવાન, વિધાયક દુર્ગેશ પાઠક, દિલ્હીના મેયર અને નવી દિલ્હીથી સાંસદ બાંસુરી સ્વરાજ ઘટનાસ્થળે હાજર છે. રેસ્ક્યૂ ઓપરેશન બાદ ત્રણ વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા. મૃતકોમાં ૨ વિદ્યાર્થીનીઓ અને એક વિદ્યાર્થી છે.

આ ઘટનામાં જીવ ગુમાવનાર એક વિદ્યાર્થી નેવિન ડાલ્વિન કેરળનો રહીશ હતો. પરંતુ છેલ્લા છથી આઠ મહિનાથી દિલ્હીમાં રહેતો હતો. નેવિન પટેલ નગરમાં રહેતો હતો અને કોચિંગ સેન્ટરની લાઈબ્રેરીમાં વાંચન માટે ગયો હતો. તે જેએનયુથી પીએચડી કરતો હતો.

ડીસીપી (સેન્ટ્રલ દિલ્હી) એમ હર્ષવર્ધને જણાવ્યું કે શનિવારે સાંજે દિલ્હીમાં ભારે વરસાદ પડ્યો જેના કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. હવે એ મામલાની તપાસ થઈ રહી છે કે બેઝમેન્ટમાં પાણી આટલા જલદી કેવી રીતે ભરાઈ ગયા. બીજી બાજુ દિલ્હીના ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજનો દાવો છે કે નાળાની સફાઈ યોગ્ય રીતે ન થવાના કારણે બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા. બાંસુરી સ્વરાજે દાવો કર્યો કે અઠવાડિયાથી વારંવાર અહીંના લોકો વિધાયક દુર્ગેશ પાઠકને નાળાની સફાઈ કરવાનું કહેતા હતા. પરંતુ તેમની વાતને અવગણવામાં આવી. તેમનણે કહ્યું કે અહીંનું પાણી જઈને બેઝમેન્ટમાં ભરાઈ ગયું.

ભાજપના નેતા આરપી સિંહે કહ્યું કે અહીં ડિસિલ્ટિંગનું કામ સમયસર થયું નહીં. જો ડિસિલ્ટિંગનું કામ સમય પર થઈ જાત તો આ દુર્ઘટના ન ઘટત. તેમણે કહ્યું કે દિલ્હી સરકાર અને વિધાયકે જવાબ આપવો જોઈએ કે ડિસિલ્ટિંગનું કામ કેમ નથી થયું અને તેના પૈસા ક્યાં ગયા?

બીજી બાજુ આ મામલે દિલ્હી સરકાર પણ એક્ટિવ થઈ ગઈ છે. દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે દિલ્હીમાં સાંજે પડેલા ભારે વરસાદના કારણે એક દુર્ઘટનાના સમાચાર છે. રાજેન્દ્રનગરમાં એક કોચિંગ ઈન્સ્ટીટ્યૂટમાં બેઝમેન્ટમાં પાણી ભરાયાના સમાચાર છે. દિલ્હી ફાયર વિભાગ અને એનડીઆરએફ ઘટનાસ્થળે છે. દિલ્હીના મેયર અને સ્થાનિક વિધાયક પણ ત્યાં છે. આ ઘટના કેવી રીતે ઘટી તેના માટે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ ઘટના માટે જે પણ જવાબદાર હશે તેમને છોડવામાં નહીં આવે.

આ ઘટના અંગે એક વિદ્યાર્થીએ કહ્યું કે એમસીડી કહે છે કે આ એક દુર્ઘટના છે, પરંતુ હું કહીશ કે તે સંપૂર્ણ બેદરકારી છે. અડધા કલાકના વરસાદ બાદ ઘૂંટણ સુધી પાણી ભરાઈ જાય છે. આફતો ક્યારેક થાય છે. મારા મકાનમાલિકે જણાવ્યું કે તેઓ છેલ્લા ૧૦-૧૨ દિવસથી કાઉન્સિલરને કહેતા હતા કે ગટરની સફાઈ કરો.

પ્રથમ માંગ એ છે કે દોષિતો સામે કાર્યવાહી થવી જોઈએ. તાત્કાલિક માંગ એ છે કે ઘાયલો અને મૃત્યુનો વાસ્તવિક આંકડો જણાવવામાં આવે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના લોકોએ મને કહ્યું કે ૮-૧૦ લોકોના મોત થયા છે. આ દાવો એક વિદ્યાર્થી દ્વારા કરવામાં આવ્યો હતો જેઓ એમસીડી સામે વિરોધ કરી રહ્યા હતા જ્યારે ગઈકાલે રાત્રે એક કોચિંગ સંસ્થાના ભોંયરામાં પાણી ભરાઈ ગયા હતા અને ત્રણ વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા.

યુપીએસસીના એક ઉમેદવારે કહ્યું કે અમારી માંગ છે કે આ બેદરકારી માટે જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. અહીં ભોંયરામાં ખોલવામાં આવેલી આ તમામ વસ્તુઓ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી છે અને સુરક્ષાના કોઈ પગલાં નથી. તેથી આ તમામ બાબતોને અટકાવવી જોઈએ અને પગલાં લેવા જોઈએ.

યુપીએસસીની તૈયારી કરી રહેલા ઉમેદવાર અમન શુક્લાએ કહ્યું કે અમારી માંગ છે કે સૌથી પહેલા ભોંયરામાં ગેરકાયદે બનેલી આ તમામ લાઈબ્રેરીઓ બંધ કરવામાં આવે. એમસીડીએ જોવું જોઈએ કે સમસ્યા ક્યાં છે, આ પહેલીવાર નથી કે અહીં પાણી ભરાઈ રહ્યું છે. છેલ્લી વાર વરસાદ પડ્યો ત્યારે કાર પાણીમાં તરતી હતી. તેણે એક વર્ષમાં કંઈ કર્યું નથી. હજુ સુધી કોઈ વરિષ્ઠ અધિકારી અહીં આવ્યા નથી.

ડીસીપી સેન્ટ્રલ એમ હર્ષવર્ધને કહ્યું, 'અમે ફોજદારી કેસ નોંધ્યો છે. અમારી ફોરેન્સિક ટીમો અહીં છે. ફોરેન્સિક પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. અમે એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે અમે યોગ્ય તપાસ કરીએ. અમે મજબૂત કેસ દાખલ કરવા અને સત્ય શોધવા માટે પ્રતિબદ્ધ છીએ. અત્યાર સુધીમાં બે લોકોની અટકાયત કરવામાં આવી છે.

## દુનિયાનાં દેશો કરતાં સૌથી ઓછો પેટ્રોલનો ભાવ આપણા દેશમાં: કેન્દ્રીયમંત્રી હરદીપસિંહ પુરી

અમદાવાદ,

નાણાકીય વર્ષ ૨૦૨૪ નાં કેન્દ્રીય બજેટને લઈ કેન્દ્રીયમંત્રી હરદીપસિંહ પુરીએ અમદાવાદનાં સિંધુ ભવન ખાતે આવેલી તાજ સ્કાય લાઈન હોટલ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કર્યુ હતું. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકારનું ૧૧ મું અને નિર્મલા સીતારમણનું સાતમું બજેટ આ વખતે બહાર પડ્યું છે. જ્યારે આ સરકારે સત્તા સંભાળી ત્યારે આપણી અર્થ વ્યવસ્થાની હાલત ખરાબ હતી. ભાજપની સરકાર આવ્યા બાદ અર્થ વ્યવસ્થા પહેલાં કરતા દુનિયાની પાંચમી અર્થવ્યવસ્થા પર આપણે પહોંચ્યા છીએ. તેમણે નાણામંત્રીને ટાંકીને કહ્યું કે નિર્મલા સીતારમણે પણ કીધું કે ૨૦૨૭ સુધી દેશની અર્થ વ્યવસ્થામાં વિશ્વનાં ત્રીજા સ્થાન પર ભારત પહોંચી જશે. બજેટથી લોકોને ખૂબ આશા હોય છે. જે રેવન્યુ કલેક્શન અને ખર્ચ હોય છે એ તમામ બાબતોને આધારે બજેટ નક્કી થાય છે.

કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે સ્ટોક માર્કેટ, અને લોકોના રીએકશન પર પણ આધાર રાખવામાં આવ્યા છે. જો આગળના બજેટ સારા ન હોત તો આપણે ત્રીજા સ્થાન સુધી આગળ ન વધી રહ્યા હોત, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના યોગ્ય નિર્ણયોનાં કારણે પેટ્રોલિયમનાં ભાવમાં ઘટાડો થયો છે. વિપક્ષ પર આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે એમનાં દ્વારા એવી વાત કરવામાં આવે છે જેનાથી સેલ્ફ ગોલ થઈ જાય છે. પેટ્રોલીયમનાં ક્ષેત્રમાં આપણે આગળ વધીએ છીએ. દુનિયાનાં દેશો કરતાં સૌથી ઓછો ભાવ આપણા દેશમાં છે. શ્રીલંકા બાંગ્લાદેશ સહિતના દેશોમાં જઈને જુઓ કે ભાવ શું છે? પૂર્વોદયનાં વિસ્તારોમાં બંગાળ, હિમાચલ, બિહાર બધા રાજ્યો આવે છે ત્યાં પણ પુર માટે કેન્દ્ર સરકાર દ્વારા રાહત ફંડ અપાયું છે. વિપક્ષનો આક્ષેપ હતો કે માત્ર ૨ રાજ્યો માટે બજેટ હતું તો બીજા રાજ્યોનાં આંકડા જોઈએ તો ગુજરાતમાં ૨૦૦૪ અને ૨૦૧૪ માં ૫૯૯૮૨ કરોડ ટેકસ રિવોલ્યુશન હતું. અને હવે ૨૦૨૪ માં ૨૩૨૯૮૦૦ કરોડ સુધી રિવોલ્યુશન પહોચ્યું છે. આજે શેર માર્કેટ ૮૧ હજાર સુધી પહોંચી ચૂક્યું છે. લોકોની અપેક્ષાઓ હોઈ કે થોડું વધારે મળે પણ એ એક ઓનગોઈંગ પ્રોસેસ છે.




## અમરનાથ યાત્રા: બાબા બર્ફાનીના દર્શનાર્થીઓની સંખ્યા ૨૯ દિવસમાં ૪.૫ લાખને પાર



જમ્મુ,

અમરનાથ યાત્રાએ જનારા યાત્રિકોની સંખ્યાએ ગયા વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.૭૧૪૫ ભક્તોએ પવિત્ર ગુફામાં હાજરી આપી હતી. આ સાથે જ ૨૯ દિવસમાં તીર્થયાત્રીઓની સંખ્યા ૪,૫૧,૪૮૫ પર પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૨૩માં ૬૨ દિવસની યાત્રા દરમિયાન ૪.૪૫ લાખ ભક્તોએ બાબાના દરબારમાં દર્શન કર્યા હતા. આ વર્ષે ૫૨ દિવસની યાત્રા ૧૯ ઓગસ્ટ સુધી ચાલશે. આ વર્ષે પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની ધારણા છે.

પવિત્ર ગુફામાં દરરોજ ૮ થી ૧૦ હજાર શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. જો કે આ સંખ્યામાં અગાઉથી ઘટાડો થયો છે, પરંતુ અત્યાર સુધી હવામાને શ્રદ્ધાળુઓને પૂરો સાથ આપ્યો છે. તે જ દિવસે ખરાબ હવામાનને કારણે બાલતાલ અને પહેલગામ રૂટની મુસાફરી મોકૂફ રાખવી પડી હતી, જ્યારે અન્ય દિવસોમાં યાત્રા નિયમિતપણે ચાલુ રહી હતી. આ વર્ષે ૧૬ દિવસમાં ૩૦૮૯૦૩ શ્રદ્ધાળુઓએ બાબા બર્ફાનીના દર્શન કર્યા હતા, જ્યારે વર્ષ ૨૦૨૩માં ૨૧ દિવસમાં ૩૦૭૩૫૪ શ્રદ્ધાળુઓ બાબાના દરબારમાં પહોંચ્યા હતા. આ પછી, આ વર્ષે ૨૪ દિવસમાં યાત્રાળુઓની સંખ્યા ૪૧૭૫૦૯ પર પહોંચી ગઈ છે.

આ દરમિયાન જમ્મુના બેઝ કેમ્પ ભગવતી નગરથી ૬૩ નાના-મોટા વાહનોમાં ૧૭૭૧ શ્રદ્ધાળુઓનું જૂથ કાશ્મીર જવા રવાના થયું હતું. જેમાં ૭૭૨ શ્રદ્ધાળુઓ બાલતાલ રૂટ માટે ૩૦ વાહનોમાં ગયા હતા, જેમાં ૪૭૬ પુરૂષો, ૨૬૮ મહિલાઓ, ૧ બાળક, ૨૩ સાધુ અને ૪ સાધ્વીઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૯૯૯ શ્રદ્ધાળુઓ ૩૩ વાહનોમાં પહેલગામ રૂટ માટે ગયા હતા. જેમાં ૭૯૩ પુરૂષો, ૧૩૦ મહિલાઓ, ૭૦ સાધુઓ અને ૬ સાધ્વીઓનો સમાવેશ થાય છે. શહેરના તત્કાલ નોંધણી કેન્દ્રો પર ભક્તોની ઓછી સંખ્યાને કારણે પંચાયત ભવન અને ગીતા ભવન ખાતે નોંધણી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે.

## ગુજરાતમાં શંકાસ્પદ ચાંદીપુરાના કેસની સંખ્યા ૧૩૦ પર પહોંચી, અત્યાર સુધીમાં ૫૨ માસૂમોના મોત



ગાંધીનગર,

ગુજરાત રાજયના વાયરલ એક્કેફેલાઈટીસના કુલ ૧૩૦ કેસો છે. જે પૈકી સાબરકાંઠા ૧૨, અરવલ્લી ૦૭, મહીસાગર ૦૨, ખેડા ૦૭, મહેસાણા ૦૭, રાજકોટ ૦૬, સુરેન્દ્રનગર ૦૫, અમદાવાદ કોર્પેરેશન ૧૨, ગાંધીનગર ૦૬, પંચમહાલ ૧૫, જામનગર ૦૬, મોરબી ૦૫, ગાંધીનગર કોપેરેશન ૦૩, છોટાઉદેપુર ૦૨, દાહોદ ૦૩, વડોદરા ૦૬, નર્મદા ૦૨, બનાસકાંઠા ૦૫, વડોદરા કોર્પેરેશન ૦૨, ભાવનગર ૦૧ દેવભૂમિ દ્વારકા ૦૧, રાજકોટ કોર્પેરેશન ૦૪, કચ્છ ૦૩, સુરત કોર્પોરેશન ૦૨, ભરૂચ ૦૩, અમદાવાદ ૦૧, જામનગર કોર્પોરેશન ૦૧ તેમજ પોરબંદર ૦૧ શંકાસ્પદ કેસો મળેલ છે.

ચાંદીપુરા વાયરસની માખી એટલે કે સેન્ડ ફલાય ઘરની અંદરની બાજુ કાચી કે પાકી દિવાલ હોય અને જ્યાં ભેજવાળુ વાતાવરણ હોય ત્યાં જોવા મળે છે. કાચી-પાકી દિવાલમાં તિરાડ કે છિદ્ર હોય ત્યાં સેન્ડ ફલાય રહે છે. નરી આંખે આપણને જે માખી દેખાય છે તેના કરતા સેન્ડ ફલાય ચાર ગણી નાની હોય છે.

હવે આપણે એ પણ સમજીએ કે સેન્ડ ફલાય કેવી રીતે જન્મ લે છે. સેન્ડ ફલાયની ઉત્પતિ માટે ભેજવાળું વાતાવરણ જરૂરી છે તે તો આપણે જાણ્યું ત્યારે તેની ઉત્પતિ માટે ગીચ ઝાડી વાળો વિસ્તાર હોવો જરૂરી છે. નર અને માદા માખી ગીચ ઝાડીમાં વિકસે છે. સેન્ડ ફલાય સવાર-સાંજ સક્રિય રહી શકે છે. દરેક માદા સરેરાશ ૩૦ થી ૭૦ ઈંડા મુકે છે. જો કે તેની આવરદાનો ગાળો અસ્પષ્ટ છે. કારણ કે ઘણા ઈંડા પ્રતિકૂળ વાતાવરણમાં નાશ પામે છે. જે ઈંડા ટકી રહે છે તેના સેવનનું કામ ૨૦ દિવસ સુધી ચાલે છે. આ તબક્કો અવિક્સિત તબક્કો કહેવાય છે. લગભગ એક મહિનાનો સમય વીતે પછી ખોરાક તરીકે વનસ્પતિ લેવાનું શરૂ થાય છે. શિયાળાની સિઝન આવે ત્યાં સુધીમાં ઘણા ઈંડા નાશ પામતા હોય છે. આદર્શ રીતે જોઈએ તો એક અઠવાડિયાથી ૧૩ દિવસની અંદર ઈંડા સંપૂર્ણપણે વિકસી જાય છે.

## ખાલિસ્તાની આતંકવાદીઓ કેનેડાના કેલગરી શહેરમાં જનમત સંગ્રહની યોજના બનાવી રહ્યા છે

ઓટાવા,

કેનેડિયન અધિકારીઓએ તાજેતરમાં જણાવ્યું હતું કે તેઓ જાહેર જગ્યાનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના પર નિયંત્રણો લાદી શકતા નથી. ખાલિસ્તાની આતંકવાદીઓ હવે આલ્બર્ટાના કેલગરી શહેરમાં મ્યુનિસિપલ કોમ્પ્લેક્સમાં કથિત લોકમતનું આયોજન કરી રહ્યા છે. આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ દ્વારા આ પ્રકારનો પ્રથમ જનમત સંગ્રહ કરવામાં આવ્યો હતો. ભારત આ મામલો કેનેડાના વિદેશ મંત્રાલય સમક્ષ ઉઠાવી ચૂક્યું છે.

કેલગરીના ભારતીય મૂળના કેનેડિયન મેયર જ્યોતિ ગોંડેકે સ્થાનિક મીડિયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોમ્પ્લેક્સમાં ઘણી વસ્તુઓ થાય છે કારણ કે તે જાહેર જગ્યા છે. અમે આવા કાર્યક્રમોને મંજૂરી આપતા નથી. જનતા એક સમુદાય તરીકે એકસાથે આવી શકે છે અને તેઓ જે ઈચ્છે છે તે કરી શકે છે. તેણે કહ્યું કે આ એવી વસ્તુ નથી જે આપણે રોકી શકીએ. તે જ સમયે, કેલગરી શહેરની કોર્પોરેટ પ્રોપર્ટીના ડિરેક્ટર ઈયાન ફલેમિંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થા જો યોગ્ય માર્ગદર્શિકાનું પાલન કરે તો તેઓ કોઈપણ અરજી અથવા પરવાનગી વિના આ જગ્યાનો ઉપયોગ કરી શકે છે.

કથિત જનમત પહેલાં, કેમ્પસમાં એક મોટું પોસ્ટર લગાવવામાં આવ્યું છે, જેમાં તલવિંદર સિંહ પરમાર દર્શાવવામાં આવ્યા છે. પરમારને ૨૩ જૂન, ૧૯૯૫ના રોજ એર ઈન્ડિયાની ફલાઈટ કનિષ્ક પર બોમ્બ વિસ્ફોટનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. આ ઘટનામાં ૩૨૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કેનેડાના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી આતંકવાદી ઘટના છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર ગયા વર્ષે ૧૮ જૂનના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં માર્યો ગયો હતો. તેઓ એસએફજેના કોલંબિયા પ્રાંતના વડા પણ હતા.

નિજ્જરને ભારતમાં આતંકવાદી ગણવામાં આવતો હતો, પરંતુ કેનેડામાં તેના પર ક્યારેય આરોપ મૂકવામાં આવ્યો ન હતો. તેમની હત્યા પછી, વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ હાઉસ ઓફ કોમન્સમાં એક નિવેદન આપ્યું હતું. ટ્રૂડોએ કહ્યું કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હોવાના વિશ્વસનીય આરોપો છે. તેમના આ નિવેદનથી બંને દેશોના સંબંધોમાં તિરાડ પડી હતી.

કેનેડાના વિદેશ મંત્રાલયને મોકલવામાં આવેલા તેના સત્તાવાર પત્રમાં, ભારતીય હાઈ કમિશને ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા દેશની પ્રાદેશિક અખંડિતતાને નિશાન બનાવવાની ઘટના માટે જાહેર જગ્યાના ઉપયોગ પર પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

## વડોદરામાં ડભોઈ નજીકથી કારમાં લઈ જવાતા દારૂ સાથે ૭.૪૦ લાખનો મુદ્દામાલ કબજે

વડોદરા,

વડોદરા ગ્રામ્યના વેગા ચોકડીથી ડભોઈ જતા રોડ પરથી સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓએ દારૂ ભરેલી મૂતી બ્રીઝા કાર પકડી પાડી હતી. કારમાંથી પોલીસે રૂ,૨,૩૯,૬૮૦ ની કિંમતનો દારૂ તથા કાર મળીને કુલ રૂ. ૭,૪૦,૧૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં પોલીસે વડોદરાના વાઘોડીયાના રહેવાસી રઝાક અબ્દુલ મન્સુરીની ધરપકડ કરી હતી. જયારે દારૂના ધંધાનો મુખ્ય આરોપી, તેનો ભાગીદાર, દારૂ ભરીને આપી જનાર અને કારનો માલિક મળીને ચાર શખ્સોની શોધા હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ વડોદરા ગ્રામ્ય પોલીસ કરી રહી છે.

# સંતરામપુર પૂર્વ અને પશ્ચિમ રેન્જ દ્વારા ડ્રોન મશીનથી ડુંગરો ઉપર બીજનું વાવેતર કરતાં જંગલો હરીયાળા બનાવવા લક્ષ્યાંકને પૂર્ણ કરવા તરફ



સંતરાપુર,

મહીસાગર વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવેલ સંતરામપુર પૂર્વ અને સંતરામપુર પશ્ચિમ રેન્જમાં આજરોજ ઊંચા ડુંગર વિસ્તાર કે જ્યાં માનવ દ્વારા વાવેતર શક્ય ન હોય તેવી ઊંચી ટેકરીઓ ઉપર આધુનિક સંસાધન ડ્રોન મશીન દ્વારા બીજ વાવેતર તથા બીજના સિડબોલ બનાવી ડ્રોન દ્વારા વાવેતર કરવામાં આવેલ હોય જે વાવેતરમાં જુદા જુદા પ્રકારના બીજ વાવેતર જેમ કે ખાખરા, ખેર, દેશી બાવળ, આવળ, સીતાફળ, ગરમાડો જેવી ડુંગર વિસ્તારની પ્રજાતિનુ વાવેતર કરવામાં આવેલ હોય જેથી બોડા ડુંગરની ટેકરીઓ હરિયાળી ભૂમિમાં પરિણમી શકે તે માટે સંતરામપુર પૂર્વ રેંજમા આવેલ ખેડાપા, માનગઢની ડુંગરની ટેકરીઓ, ભાણાસીમલ તથા પાદેડી અડોર સંતરામપુર પૂર્વ રેન્જની ટીભરવાની ટેકરીઓમાં બીજ વાવેતર કરવામાં આવેલ હતું. જ્યાં માણસો ઊંચા ડુંગર વિસ્તારમાં જઈ શકતા નથી એવા જંગલ વિસ્તારમાં ૧૫૦ થી ૨૦૦ કિલો આશરે બીજનું વાવેતર કરવામાં આવતું હોય છે. ચોમાસા દરમિયાનમાં ઊંચા ડુંગરીઓ ઉપર બીજનું વાવેતર કરતાં વરસાદ પડતા અને માટી ઉપર ચઢી જ વૃક્ષનું ઉછેર થતો હોય છે. આવી રીતે બીજનો વાવેતર કરવાથી હજારોની સંખ્યામાં પણ ચોમાસા દરમિયાનમાં વૃક્ષોનું ઉછેર પણ ઓછા સમયમાં થઈ જતો હોય છે અને તેનાથી જંગલ વિસ્તારમાં પણ હરિયાળનું હરૂ ભરો જોવા મળી આવતું હોય છે. ડ્રોન કેમેરાની આધુનિક ટેકનિકથી ઓછા સમયમાં બીજનું વાવેતર કરીને નોર્મલ વિભાગ દ્વારા હજારોની સંખ્યામાં વૃક્ષો ઉછેરવાનું લક્ષ્યાંક પણ પૂર્ણ થતું હોય છે. સૌથી વધારે સંતરામપુર તાલુકાના જંગલો વિસ્તારમાં બીજનું વાવેતર કરવામાં આવી રહેલ અલગ અલગ જાતના પ્રકારના બીજનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.

# સંતરામપુર તાલુકામાં સરકારી સસ્તા અનાજની દુકાનમાં નકલી પ્લાસ્ટીક ચોખાની બુમ ઉઠી



સંતરામપુર,

સંતરામપુર તાલુકાની સસ્તા અને દુકાનોમાં નકલી ચોખા હોવાનું જોવા મળી આવેલું છે પ્લાસ્ટિકના ચોખા જોવા મળી આવેલા છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી દુકાનોમાં મફત ઘઉં, ચોખા રેશનીંગ ગ્રાહકોને આપવા માટેની જાહેરાત કરવામાં આવેલી છે. જયારે સંતરામપુર તાલુકાની મોટાભાગની દુકાનોમાં સસ્તા અનાજની દુકાનોમાં ડુબલીકેટ ચોખા જોવા મળી આવેલા છે. મોટા પ્રમાણની સંખ્યામાં ચોખાના કટ્ટા આવતા હોય છે. છ મહિના અગાઉ પણ આજ નકલી પ્લાસ્ટિકના ચોખા મળી આવેલા હતા. સંતરામપુર એફસીઆઇ ગોડાઉન માંથી ચોખાનો મોટા પ્રમાણમાં જથ્થાઓ અને કટ્ટાઓ નીકળતા હોય છે. આ કટ્ટાઓ એફસીઆઇ ગોડાઉન માંથી ૫૦ કિલોની ભરતીની કરીને દરેક દરેક સસ્તા અનાજની દુકાનોમાં પહોંચાડવામાં આવતું હોય છે. પંચમહાલ જીલ્લાની ગોધરામાં આવેલી પુરવઠા વિભાગ માંથી સૌથી વધારે ચોખાના કટ્ટા સંતરામપુર પહોંચાડવામાં આવતા હોય છે. આજે સંતરામપુર તાલુકાના આંતરીય વિસ્તારમાં આદિવાસી લોકોને ખ્યાલ પણ ના આવતો હોય છે, પરંતુ કેટલાક વિસ્તારો એવા છે પણ અત્યારે પણ અનાજને પણ જાગૃત નાગરિકો ઓળખી પાડતા હોય છે. આ જ સસ્તાની દુકાનોમાં સંતરામપુર તાલુકાની મોટી સંખ્યામાં દુકાનોમાં પ્લાસ્ટિકના ચોખા જોવા મળી આવેલા છે. બે પ્રકારના ચોખા મિક્સ કરેલું અનુમાન જણાવી રહ્યું છે. ખરેખર આવા ભેળવી ચોખા ખાવા માટે પણ હાનિકારક બની શકે છે. હવે માનવીને અનાજના બદલે પ્લાસ્ટિક ખાવાનો વારો આવી રહ્યો છે. હવે ધીરે ધીરે નકલી વસ્તુઓનું ભરમાર વધારે જોવા મળી રહ્યું છે. પહેલા નકલી કચેરી આવતી હતી. અનાજ પણ માર્કેટમાં જોવા મળી આવેલું છે. ખરેખર આ ગંભીરતાપૂર્વકની બાબત છે. તંત્ર દ્વારા આ તપાસ કરવામાં આવે ત્યારે ક્યાં સુધીનો તપાસનો વિષય બન્યો છે. આ ઘટના ચોખાની સોશિયલ મીડિયાના માદયમથી જોવા મળી આવેલી છે, તે હાલમાં અત્યારે પુષ્ટિ કરાતું નથી તપાસનો વિષય બન્યો.

# લુણાવાડા ગાંધીકુટીર ખાતે પેન્શનર્સ સિનિયર સીટીઝન્સ ચેરિટેબલ ટ્રસ્ટની વાર્ષિક સભા અને સન્માન કાર્યક્રમ યોજાયો



મલેકપુર,

મહીસાગર જીલ્લાની લુણાવાડા પેન્શનર્સ સિનિયર સીટીઝન્સ ચેરીટેબલ ટ્રસ્ટની ગાંધી કુટીર ખાતે વાર્ષિક સામાન્ય સભા અને સન્માન સમારોહ રાજવી પરિવારના પુષ્પેન્દ્રસિંહજીના અધ્યક્ષસ્થાને કબીર મંદિર મહંત પુરસોત્તમદાસજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સંસ્થાના ૭૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા સભ્યો, કર્મનિષ્ઠ અને વિશિષ્ટ વ્યક્તિઓ તેમજ રમતગમત અને યોગમાં રાજયકક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર સિનિયર સિટીજન્સનું સન્માન કરવામાં આવ્યું હતું. અછોડાતોડ ચોરનો બહાદુરીપૂર્વક સામનો કરનાર વૃધ્ધાનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ દસ, બાર તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં ઉજ્વળ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેન્શનર્સ સિનિયર સીટીઝન્સ ટ્રસ્ટ દ્વારા આયોજીત કાનૂની શિક્ષણ શિબિર, સત્સંગ,પ્રવાસ ,ધાર્મિક કથાઓ, ચૂંટણી દરમિયાન મતદાર જાગૃતિ, યોગશિબિરો, મેડિકલ કેમ્પ, સાહિત્ય લેખ પરિસંવાદ સહિતની સામાજીક અને સેવાકીય પ્રવુત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સભામાં વડોદરાથી આવેલ ઓલ્ડ એજ સંસ્થાના પ્રતિનિધિઓ, જીલ્લાના ધાર્મિક, સામાજીક સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ, પેન્શનર સીનીયર સિટીઝન ટ્રસ્ટના પ્રમુખ મણિબેન, મહામંત્રી જયંતિભાઈ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રમણભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

# ગુજરાત રાજય કક્ષાનો ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત ઉલ્લાસ મેળાનું દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે આયોજન

ઝાલોદ,

ગુજરાત રાજય કક્ષાનો સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત ઉલ્લાસ મેળાનું આયોજન તારીખ ૨૯-૦૭-૨૦૨૪ સોમવારના રોજ થનાર છે. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાશ મંત્રી કુબેર ડીંડોરના અધ્યક્ષ સ્થાન હેઠળ યોજાનાર છે. તેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ તેમજ પ્રફુલ્લ પાનસેરીયા તેમજ અતિથિ વિશેષ તરીકે સાંસદ જસવંત ભાભોર, જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર ધારાસભ્ય મહેશ ભૂરીયા, કનૈયાલાલ કિશોરી, રમેશ કટારા, શૈલેષ ભાભોર, મહેન્દ્ર ભાભોર તેમજ સમસ્ત જીલ્લા વહીવટી તંત્ર ઉપસ્થિત રહેનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતને વિશ્વગુરૂ બનાવવાનો સંકલ્પ કરેલ છે, તે માટે નિરીક્ષરોને ૨૧ સદીના નાગરિક તૈયાર કરવા નાણાકીય સાક્ષરતા, ડિજીટલ સાક્ષરતા, વ્યાપારી કૌશલ્ય વિકાસ અને પાયાની સુવિધામાં નિપુણ બને તે હેતુથી ઉલ્લાસ મેળાનું આયોજન દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામા કરવામાં આવેલ છે. એક આંકડા મુજબ દાહોદ જીલ્લામાં સહુથી વધુ નિરીક્ષરોની સંખ્યા જોવા મળેલ છે. ૧૫ વર્ષ થી વધુ ઉંમરના લોકો સાક્ષર બને તે માટે વિવિધ પ્રયાસો કેવી રીતે કરવાં તેની વિસ્તૃત સમજ આપવામાં આવનાર છે.

# શહેરા ફોરેસ્ટ કચેરીમાં RFO રોહિત પટેલ સાથે ત્રણ ઈસમો દ્વારા ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો

શહેરા,

શહેરા ફોરેસ્ટ કચેરી ખાતે વાહન મુક્ત કરાવવા આવેલા ત્રણ ઈસમો એ આર.એફ.ઓ. રોહિત પટેલ સાથે ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો.

આર. એફ. ઓ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ત્રણ ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે નવા કાયદા મુજબ ગુનો દાખલ કર્યો હતો.

શહેરા વન વિભાગ દ્વારા થોડા દિવસો પહેલા ખાંડિયા ગામ પાસેથી લાકડા ભરેલી ગાડી પકડી પાડવામાં આવેલ તે વાહન મુક્ત કરાવવા માટે ફોરેસ્ટ કચેરી ખાતે શુક્રવારના રોજ શેહઝાદ ઈબ્રાહીમ મખમલ, યુસુફ મહોમ્મદ મખમલ અને ઈબ્રાહીમ મખમલ આવ્યા હતા.આર.એફ.ઓ. રોહિત પટેલ એ શેહઝાદ ઈબ્રાહીમ મખમલ ને અરજી બાબતે પૂછતા આરોપીઓ ગુસ્સામાં આવી જઈને અપ શબ્દો બોલવા લાગ્યા હતા. શેહઝાદ ઈબ્રાહીમ મખમલ, યુસુફ મહોમ્મદ મખમલ અને ઈબ્રાહીમ મખમલ એ આર.એફ.ઓ. રોહિત પટેલ સાથે ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપવા સાથે કોઈ કેસમાં ફસાઈ દેવાની પણ ધમકી આપી હતી. જોકે, આ બનેલા બનાવવાની જાણ તાત્કાલિક ફોરેસ્ટ કચેરી ખાતેથી પોલીસને કરવામાં આવતા પોલીસ સ્થળ ખાતે પહોંચી જઈને ત્રણ આરોપીઓને પકડીને પોલીસ મથક ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ એ આ બનેલા બનાવને ગંભીરતાથી લઈને પોલીસ મથક ખાતે શેહઝાદ ઈબ્રાહીમ મખમલ, યુસુફ મહોમ્મદ મખમલ અને ઈબ્રાહીમ મખમલ સામે કડક કાર્યવાહી થાય તે માટે ફરિયાદ નોંધાઇ હતી. જોકે, તાલુકા વન વિભાગના અધિકારી સાથે ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર ત્રણ આરોપીઓ સામે પોલીસ કેવા પ્રકારની કાર્યવાહી કરશે એતો જોવુંજ બન્યુ છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસરને ધમકી આપનારા ત્રણ આરોપીઓ સામે કડક કાર્યવાહી પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવવી જોઈએ. જેથી આવનારા દિવસોમાં બીજા અન્ય અધિકારીઓ સાથે આ રીતે ના બનાવ બનતા અટકી શકે તો નવાઈ નહી.

**શહેરા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ સાથે તેમની કચેરી ખાતે વાહન મુક્ત કરવા આવેલા ગોધરાના ત્રણ ઈસમો દ્વારા ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, આ બનેલા બનાવને લઈને ફોરેસ્ટ કચેરીના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રોહિત પટેલ દ્વારા કડક કાર્યવાહી થાય એ માટે પોલીસ મથકે ત્રણ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે નવા કાયદા મુજબ ગુનો દાખલ કર્યો હતો. જ્યારે પોલીસે નવા કાયદાની જોગવાઈ મુજબ ત્રણ આરોપીઓને નોટિસ આપીને મુક્ત કરવામાં આવ્યા હતા. નોટીસ મળ્યાના ત્રણ દિવસમાં આ ત્રણ આરોપીઓએ ગુનાના કામે હાજર થશે જો આરોપીઓ પોલીસ મથક ખાતે હાજર નહીં થાય તો આ સામે પોલીસ દ્વારા કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે એ તો આવનારા દિવસોમાં ખબર પડી જશે તો નવાઈ નહી.**

# ઝાલોદ આમ આદમી પાર્ટી દ્વારા નગરપાલિકા પોલ ખોલ અભિયાન હેઠળ વિવિધ વિસ્તારની મુલકાત લીધી



ઝાલોદ,

જ્યાં જુઓ ત્યાં ગંદકી, ઠેર ઠેર કચરાના ઢગલા આમ આદમી પાર્ટી દ્વારા ઝાલોદ વિધાનસભા ઉમેદવાર અનિલ ગરાસિયાના નેતૃત્વમાં રવિવારે આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ઝાલોદ નગર પાલિકા વિસ્તારમાં પદયાત્રા યોજી ઝાલોદ નગરપાલિકા પોલ ખોલ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં આપ ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી જયેશ સંગાડા, દાહોદ જીલ્લા મહિલા પ્રમુખ શ્રુતિબેન ડામોર, નિલેશ ભભોર મનસુખ ડામોર ઝાલોદ સંગઠનમંત્રી, સાગર ડામોર સોસીયલ મીડિયા ઇન્ચાર્જ ઉપસ્થિત રહ્યા.

વિધાનસભા ઉમેદવાર અનિલ ગરાસિયા એ જણાવ્યું કે ઝાલોદ નગરમાં જ્યાં જુઓ ત્યાં ગંદકીના ઢગલા છે. જ્યાં જુઓ ત્યાં કચરાના ઢગલા છે. આપ ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી જયેશ સંગાડા એ જણાવ્યું કે ૩૦ વર્ષના શાશન બાદ પણ ઝાલોદ બજાર ખુલ્લી ગટરો છે, રોડ રસ્તાની હાલત ખરાબ છે. ચાંદીપુરા જેવી ગંભીર બીમારી હાલ ફેલાયેલી છે, છતાં છતાં ઝાલોદ નગરપાલિકા તંત્ર ઊંઘમાં હોય એમ લાગી રહ્યું છે.

આવનાર ૨ મહિના પછી આમ આદમી પાર્ટી નગરપાલિકાની પ્રત્યેક બેઠક ઉપર મજબૂતીથી ચૂંટણી લડશે અને આવનાર સમયમાં ઝાલોદ નગરપાલિકામાં બહુમતીથી જીતી ફક્ત એકજ વર્ષમાં ઝાલોદ નગરપાલિકા જનતાના ટેક્સના પૈસાનો સાચો સદુપયોગ કરી જનહિતના કામો કરશે.

# દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો રોડ બિસ્માર થયો કોને પડી છે : રીપેરીંગ કાર્ય કરવાની કોઈ તો બતાવો



દે.બારીયા,

દે.બારીયા શહેરમાંથી પસાર થતો નેશનલ હાઈવે રોડ જે ૧૦ વર્ષ અગાઉ બનાવ્યો હતો. એના બાદ કાગળો ઉપર બની ગયો હોય તો નવાઈ નહિ સદર રોડ પાવાગઢના યાત્રાળુઓ આ માર્ગ ઉપરથી અવરજવર કરતા હોય છે. ભારે ટ્રાફિકના કારણે રોડ બિસ્માર સાથે મસમોટા ખાડા પડી ગયા છે. જેના કારણે યાત્રાળુઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સંચાગલી નાકા પાસેથી ભે દરવાજા બહાર સુધી મસમોટા ખાડાઓ પડી ગયા છે. આ રોડના ખાડામાં છકડા ખાડામાં ફસાઈ જાય છે. જેથી વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. સામે શ્રાવણ જેવો પવિત્ર માસનું આગમન સાથે માંઈ ભકતો આ રોડ ઉપરથી રથ લઈને કેવી રીતે પસાર થશે તે મોટો ગંભીર સવાલ ઉપસ્થિત થયો છે. જે આ રોડ ઉપરને વહેલી તકે એપ્રોચ રોડમાં રૂપાંતર સાથે રીપેરીંગ તો કરાવવાની તજવીજ હાથ ધરશે ખરાં ? પાવાગઢના યાત્રાળુઓ માંગ કરતા થાકી ગયા છે. શું કંટ્રોલ થઈ ગયો છે ? ૧૦ વર્ષના સમયમાં ત્રણ વખત નવિન રોડ બનાવવા માટે ગ્રાન્ટ આવી હોય છે. સંવેદન અને ગતિશીલ સરકાર હોવાનો બિરૂદને હાલના ભ્રષ્ટ સરકારી બાબુઓ અને ખાદીધારીઓ કલંક લગાવીને જંપશે. તેવું ધર્મ પ્રેમી આમ જનતા તેમજ અવરજવર કરતી આમ પબ્લીકમાં ચર્ચાઈ રહ્યું છે.

# દાહોદ પહોંચેલ કોંગ્રેસ સમિતિ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, પ્રભારી અને વિપક્ષના નેતાઓ કોંગ્રેસી આગેવાનો સાથે મીટીંગ કરી ડીસીએફના આત્મહત્યા પ્રકરણમાસ સરકારના આકરા પ્રહાર

દાહોદ,

દાહોદ શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રભારી મુકુલ વાસનીક અને ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા સહિત કોંગ્રેસના અગ્રણીઓ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોની મુલાકાતે પહોંચ્યાં હતા. જ્યાં દાહોદ જીલ્લામાં વિકાસના નામે થઈ રહેલા ભ્રષ્ટાચાર તેમજ હાલ થોડા દિવસો પહેલા દાહોદના વન વિભાગના ડીસીએફના આત્મહત્યા પ્રકરણમાં સરકાર પર આકરા પ્રહારો કરી આ તમામ કૌંભાંડો તેમજ આત્મહત્યા પાછળ ભાજપ સરકારના નેતાઓનો હાથ હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં હતાં.દાહોદ શહેરના ઈન્દૌર હાઈવે રોડ પર આવેલ પ્રસંગ-૨ ખાતે દાહોદ શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રભારી મુકુલ વાસનીક અને ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા સહિત કોંગ્રેસના અગ્રણીઓ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોની મુલાકાતે પહોંચ્યાં હતાં. જ્યાં મીડીયા સાથેની વાતચીતમાં મુકુલ વાસનીક દ્વારા જણાવ્યું હતુંકે, દાહોદ જીલ્લાના નેતાઓ, કાર્યકર્તાઓની મુલાકાતે પહોંચ્યાં હતાં. સંગઠનમાં આગળ અમારી શુ જવાબદારી હશે, શુ કાર્યક્રમ હશે, તે મામલાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ૨૦૨૪ની લોકસભાની ચુંટણીમાં ૪૦૦ ઉપરાંતની સીટોનું સપનુ જોનાર ભાજપાની સરકારને સરકાર બનાવવા માટે બૈસાખીનો સહારો લેવો પડ્યો છે. બજેટમાં પણ સરકારે લોકોની ભલાઈ માટેનું બજેટ નથી. આ બજેટ માત્રને માત્ર વડા પ્રધાન મોદીએ પોતાની બૈસાખીઓને મજબુત કરવા માટેનું બજેટ રજુ કરવામાં આવ્યું છે જેનો અમો વિરોધ કરીએ છીએ. સામાન્ય વ્યક્તિઓનું કોઈ ફાયદો નથી. ખેડુતો વિરોધી ભાજપા સરકાર છે. ખેડુતોનું શોષણ થઈ રહ્યું છે. ગરીબ, દલિત, પીડીત, આદિવાસીને આ બજેટથી કોઈ આશા જોવા મળી નથી. અગ્નિવીરની યોજના ભારતાન જવાનો માટે કોઈ સારી યોજના નથી. આમ, મુકુલ વાસનીક દ્વારા ભાજપની સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં.જ્યારે વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા જણાવ્યાં અનુસાર, સમગ્ર ગુજરાતમાં જે રીતે ચારેય તરફ ઉઘાડી લુંટલાવવામાં આવી રહી છે. ભારતીય જનતા પાર્ટી સાથેના જોડાયેલા લોકો આજે જમીનના પ્રકરણોમાં પકડાઈ રહ્યાં છે. ડ્ગ્સના પેડલર તરીકે પકડાઈ રહ્યાં છે. અનાજની ચોરીમાં પકડાઈ રહ્યાં છે. દારૂમાં પકડાઈ રહ્યાં છે. દિકરીઓના બળાત્કારમાં પકડાઈ રહ્યાં છે. દાહોદમાં પહેલા નકલી કચેરીઓ પકાઈ છે. હવે અધિકારીઓના સહી, સિક્કા કરી નકલી જમીનના એનએના ઓર્ડરો થાય છે. લગભગ ૩ હજાર કરતાં વધારે જમીન કૌંભાંડ આચરવામાં આવે છે. દાહોદથી ગોધરા સુધી આવેલ ફોરેસ્ટની રીઝર્વ લેન્ડ આવેલ છે તેના પર ધંધાદારી લોકોએ કબજો કરેલ છે. કૌંભાંડો ભાજપના નેતાઓની સામેલગીરીથી કરવામાં આવે છે. ભાજના નેતાઓના દબાણથી કરવામાં આવે છે. જે અધિકારીઓ છે જે આ કારણોસર અધિકારીઓ આત્મહત્યા કરી રહ્યાં છે. આ આત્મહત્યાની તપાસ થવી જોઈએ તેની પાછળ ૧૦૦ ટકા ભાજપના નેતાઓના કૌંભાંડોને દબાવવામાં સાજીસ બહાર આવશે, તેની તટષ્ઠ થવી જોઈએ. તેની સાથે સાથે દાહોદમાં નકલી કચેરી અને નકલી જમીન એનએ પ્રકરણમાં એમાં પણ હજુ પણ ભાજપના મોટા નેતાઓની ધરપકડ કરવામાં આવતી નથી. ક્યાં નેતઓના ઈશારે આ કૌંભાંડ ચાલતુ હતું, કોના લાભ માટે કરવામાં આવ્યું, આનાથી કોને ફાયદો થયો, તેની તપાસ કરવામાં આવે તો દુધનું દુધ અને પાણીનું પાણી થશે. આ તમામ ફોરેસ્ટની લેન્ડ હોય કે એનએના ખોટા હુકમો હોય કે નકલી કચેરી હોય કે પછી કરોડો રૂપીયાનો મનરેગામાં જે ભ્રષ્ટાચાર ચાલે છે, તે તમામમાં ભાજપના નેતાઓની સામેલગીરી, તેમના આર્શિવાદ તેમજ તેમના મળતીયાઓ આખુ કૌંભાંડ ચલાવી રહ્યાં છે. જેના કારણે આત્મહત્યાઓ થઈ રહી છે. આવનાર સમયમાં વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું છે. તેમાં નકલી કચરીનો મુદ્દો હોય, જંગલની જમીનના ખોટા દુરઉપયોગ હોય, જમીનના કૌંભાંડો હોય તે તમામ મુદ્દાઓને વિધાનસભામાં ઉઠાવવામાં આવશે. આદિવાસીની ૭૩એએની જમીનોને તેમની પાસેથી ઝીનવવાનું ભુમાફિયાઓ ષડયંત્ર થઈ રહ્યું છે અને તેમાંય અહીંના ભાજપના નેતાઓની સામેલગીરી છેતે તમામનો પર્દાફાર્શનો આવનાર વિધાનસભામાં કરવામાં આવશે. તેમ, અમિત ચાવડા દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં.

## આપની આજ.......

મેષ:આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. પિતા સાથે મળીને તમે વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો. આર્થિક સ્થિતિ આજે પહેલાં કરતા વધુ મજબૂત બનશે.

વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો. આ સાથે તમને સમાજમાં વિશેષ આદર મળશે.

મિથુન: બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગ દ્વારા વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. ભાઈ-બહેન દ્વારા લાભની સ્થિતિ સર્જાશે. લગ્ન કરવા ઈચ્છતા લોકો માટે સમય અનુકૂળ છે.

સિંહ: રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે. વાણી પર નિયંત્રણ નહીં રાખો તો વિપરિત પરિસ્થિતિઓ તરફ દોરાઈ શકો છો.

કન્યા: સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે. બહારના ખોરાક પર નિયંત્રણ રાખો, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે. વૃદ્ધ લોકોની સેવા કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે

તુલા: પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે. ધંધામાં પ્રતિસ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા સરકારી કાર્ય પણ મિત્રોની મદદથી પૂર્ણ થશે.

વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. અટકેલા પૈસાની પ્રાપ્તિને કારણે ભંડોળ મજબૂત થશે. ભાઈઓના સહયોગથી વ્યાવસાયિક યોજનાઓને વેગ મળશે.

ધન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદવા અને વેચતા પહેલા તેના તમામ કાયદારીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો અને જાણકારનો અભિપ્રાય પણ લો.

મકર: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. કાર્યસ્થળે અથવા કોઈ સંબંધીને કારણે તણાવ વધી શકે છે.

કુંભ: પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. તમે અન્ય ધંધામાં પણ રોકાણ કરવાની યોજના બનાવી શકો છો.

મીન: સંતાનો સાથે સારો સમય પસાર કરશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અચાનક કોઈ મહેમાનના આગમનથી આનંદ થશે.

# દાહોદ માંથી પસાર થતાં ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે ઉપર પોલીસના હાઈરીઝલેશન ડ્રોન કેમેરાની નાઈટ પેટ્રોલીંગ હાથ ધર્યું



દાહોદ,

સામાન્ય રીતે બોર્ડર ઉપર પિરામિલીટરી ફોર્સ તેમજ અર્ધસરકારી દળો દ્વારા બોર્ડર પર આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અવકાશી અવલોકન સાથે પેટ્રોલિંગ કરતા હોય છે. ડ્રોન કેમેરાની મદદથી પેટ્રોલિંગ હાથ ધરાતું હોય છે. પરંતુ મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જીલ્લામાંથી પસાર થતાં ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૭ દાહોદ પોલીસની હાઈરિઝૂલેશન ડ્રોન કેમેરાના મદદથી નાઈટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે છે.પોલીસના વડા ની અવનવી ટેક્નિક અને ગુના શોધવાની નિષ્ઠાને કારણે તેમજ પ્રવેન્શન ઈસ બેટર ધેન ક્યોર ના સૂત્રને સાર્થક કરતા આ હાઈવે દેશનો સૌથી સુરક્ષિત હાઈવે તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે.

ભૂતકાળમાં મધ્યપ્રદેશ બોર્ડરથી સંતરોડ સુધીના ૭૦ કિલોમીટર વિસ્તારમાં હાઈવે ઉપર લૂંટ હાઈવે રોબરી જેવી ઘટનાઓ બનતા વાહન ચાલકો રાત્રિના સમયે મુસાફરી કરવાનું ચાલતા રાત્રિના સમયે મુસાફરી કરવાનું ટાળતા હતા. સાંજ પડ્યા પછી અહીંયાથી પસાર થતા વાહન ચાલકો ભયના ઓથાર હેઠળ અલગ પ્રકારના કચવાટ સાથે આ રસ્તો પાર કરતા હતા. આ બાબતને દાહોદ જીલ્લા પોલીસે બહુ જ ગંભીરતાથી લીધી અને વાહન ચાલકોની સુરક્ષા અને માલસામાનની સલામતીના દયાને લઈ વિશેષ પ્રકારના ઓપરેશનો થકી હાઈવે રોબરી કરતી ગેંગને જેલભેગા કર્યા. એટલું જ નહીં ભવિષ્યમાં હાઈવે રબારી સમાજના બનતા બનાવો અને અટકાવવા માટે પોલીસે ગ્રાઉન્ડ જીરો પર ઉતરી સર્વેક્ષણ હાથ ધર્યો અને દરેક પાસાઓની બારીક આઈથી નિરીક્ષણ કર્યા બાદ એમપી બોર્ડરના ખંગેલાથી ભથવાડા ટોલનાકા સુધીના ૭૦ કિલોમીટરના એરિયામાં પોલીસે દર ૧૦ કિલોમીટરના અંતરે પોલીસ સહાયતા કેન્દ્ર ઊભા કર્યા જેમાં ૨૪ ૭ પોલીસ કર્મચારીઓ તેનાત જ કરવામાં આવ્યા. જેના કારણે હાઈવે રોબરી તેમજ હાઈવે પર બનતા માર્ગ અકસ્માતોની સંખ્યામાં મહત્તમ ઘટાડો જોવા મળ્યો છે. ત્યારબાદ દાહોદ એસપી તરીકે નિયુક્તિ પામેલા તેમજ સાયબર તેમજ આધુનિક ટેકનોલોજીમાં પારંગત અને નિષ્ણાંત ગણાતા ડોક્ટર રાજદીપસિંહ ઝાલાએ ૧૧ મહિના પહેલા આધુનિક ટેકનોલોજીની મદદથી આ હાઈવેના સંપૂર્ણ રીતે સુરક્ષા પ્રદાન કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

### હાઈવે પર ગાડી ઉભી રહેશે તો ૧૦ મિનિટમાં પોલીસ તમારી પાસે પહોંચશે

એટલું જ નહીં હવે આ ૭૦ કિલોમીટરના એરિયામાં અંધારામાં પણ કોઈની ગાડી બંધ થાય પંચર પડે અથવા કોઈપણ કારણસર ગાડી રોકાય તો ત્રણ પેટ્રોલિંગ કરતા ડ્રોન કેમેરા ગાડીની ઉપર આવી કેમેરામાં લાગેલી લાઈટ ચાલું થતા અંધારામાં ઊભેલી ગાડી પણ સ્પષ્ટ રીતે જોવાય છે. આવી આપાતકાલીન પરિસ્થિતિમાં પોલીસની ક્રોસ પેટ્રોલિંગ કરતી ગાડીઓ પણ આવી જાય છે. સાથે સાથે પોલી સહાયતા કેન્દ્ર પર ઉપસ્થિત પોલીસ પણ પંચર સહિતની તમામ સુવિધા પૂરી પાડવામાં વાહન ચાલકોને મદદરૂપ થાય છે.

### હાઈવે ને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરાયો.

એસપીના માર્ગદર્શનમાં આ હાઈવે ને ત્રણ કેટેગરીમાં ક્રિટિકલ સમ ક્રિટીકલ નોન ક્રિટીકલ ઝોન માં વહેચી પોલીસ સહાયતા કેન્દ્રોને સુવિધા યુક્ત બનાવી વાયરલેસ સહિત તમામ આધુનિક ટેકનોલોજી ઉભી કરવામાં આવી સાથે સાથે આ હાઈવે ઉપર ૧૩ જેટલી ગાડીઓ ખાસ કરીને રાત્રિના સમયે ક્રોસ પેટ્રોલિંગ કરવામાં આવ્યું. એટલું જ નહીં હાય હાઈરિઝોલેશન ધરાવતા ડ્રોન કેમેરાના મદદથી રાત્રી પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યો. આ ડ્રોન કેમેરાની ખાસિયત છે કે નાઈટ વિઝન ધરાવતા આ કેમેરામાં હાઈવે તેમજ આસપાસના જંગલ વિસ્તાર, ખીણ વિસ્તાર કે માનવ સહિતના વિસ્તારમાં કોઈપણ પ્રકારની મોમેન્ટ આ કેમેરામાં કેપ્ચર થવાથી ગુનાઓ શોધવામાં સરળતા ઊભી થઈ છે.

# સ્માર્ટ સિટી દાહોદમાં વાહન ચાલકો સાવધાન !



દાહોદ,

સ્માર્ટ સિટી દાહોદમાં ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા અને તાજેતરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત સ્માર્ટ રોડ તરીકે જાહેર કરાયેલા સ્ટેશન રોડ વિસ્તારમાં ચોકપ થયેલી ગટરના પાણીના નિકાલ માટે ખોદવામાં આવેલા ખાડામાં જોખમી રીતે ઉભા સળિયાઓ હાલ ચોમાસાની ઋતુ દરમિયાન અત્રેથી પસાર થતા વાહન ચાલકો માટે મોત નોતરી શકે છે. વરસાદી માહોલમાં કોઈ વાહન સ્લીપ મારે તો તીરની જેમ ઊભા જોવાતા આ સળિયાઓ વાહન ચાલકોના પેટમાં ખૂપી શકે તેમ નરી આંખે જોવાઈ રહ્યા છે. આ ખાડો ખોદિયાના બે અઠવાડિયા બાદ પણ તંત્ર દ્વારા કોઈ કામગીરી ન કરવામાં આવતા વાહન ચાલકો માટે આ બંને ખાડાઓ જોખમી પુરવાર થાય તેમ છે. અધૂરામાં પૂરૂ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ કંપની તેમજ નગરપાલિકા વચ્ચે તાલમેલના અભાવે આ સ્થળ ઉપર કોઈ કામગીરી થવા પામી નથી. જેના પગલે માર્ચેટી દાહોદમાં સ્માર્ટ સુવિધા ઝંખતા દાહોદવાસીઓ માટે સ્માર્ટ સિટી અભિશાપ રૂપ સાબિત થઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયા પહેલા ભૂગર્ભ ગટર ઉમરાતા સ્ટેશન રોડ પર સતત ત્રણ દિવસ સુધી ગટરના ગંદા પાણી રોડ ઉપર રેલાતા સાદો કિચડનો સામ્રાજ્ય ઊભું થયું હતું. ત્યારબાદ નગરપાલિકાએ ચોકપ થયેલી ગટરને ખુલ્લી કરવા માટે જેસીબી દ્વારા પ્રયાસો કર્યા હતા. સ્માર્ટ રોડ બનાવતી કંપનીએ ઓપન ગટરના ઢકના ને વ્યવસ્થિત રીતે ન બનાવતા આ સમસ્યા ઉદભવી પાલિકાના કર્મચારીઓ તેમજ સુધારાઈ સભ્યોએ ૧૭ કલાકની જહેમત બાદ બંને બાજુ ખાડા ખોદી પાણીનો નિકાલ કર્યો હતો. ત્યારબાદ આજ દિન સુધી નગરપાલિકા કે સ્માર્ટ સિટી કંપની દ્વારા આવી પરિસ્થિતિ ભવિષ્યમાં ચોકઅપ ન થાય તે માટે યોગ્ય કામગીરી કરવાની બદલે આ ખાડાને ખુલ્લું મૂકી દીધું હતું. જે હવે વાહન ચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. અહીંયા નોંધનીય બાબતે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્માર્ટ સિટી મિશનમાં દેશભરમાંથી એકમાત્ર દાહોદ નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના પાછળનું હેતુ એ હતો કે મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદની વિશ્વ ફલક પર નામના થાય. સાથે સાથે આ વિસ્તારમાં નવા નવા ઉદ્યોગો તેમજ અન્ય સુવિધા ઉભી થવાથી ટ્રાઈબલ વિસ્તાર પણ વિકાસની મુખ્ય હરોળમાં આવે તે હેતુથી દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ સુવિધાના નામે અસુવિધા ભોગવનાર દાહોદવાસીઓ માટે સ્માર્ટ સિટી મિશન અભિશાપરૂપ સાબિત થઈ રહ્યું હોય તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે.

# લીમખેડાના પાલ્લી ગામે ટ્રક ચાલકે ફોર વ્હીલને ટકકર મારતાં દે.બારીયા પાલિકાના ટાઉન પ્લાનર સુપ્રિટેન્ડટનું મોત



દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામેથી પસાર થતાં બ્રીજ પાસેના નેશનલ હાઈવે રોડ પર અજાણ્યા ટ્રકના ચાલકે ત્યાંથી પસાર થતાં દેવગઢ બારીઆ નગરમાં ટાઉન પ્લાનર ઓફિસમાં સુપ્રિટેન્ડર તરીકે ફરજ બજાવતાં કર્મચારીની ફોર વ્હીલર ગાડીની અડફેટમાં લેતાં કર્મચારીની ફોર વ્હીલર ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જેને પગલે કર્મચારીનું ઘટના સ્થળ પર મોત નીપજતાં પંથક સહિત જીલ્લામાં ચકચાર વ્યાપી જવા પામી હતી. દેવગઢ બારીઆ નગરપાલિકાના કર્મચારીના મોતને પગલે સમગ્ર સરકારી આલમ તેમજ પરિવારજનોમાં ગમગીનીછવાઈ ગઈ હતી.

ગત તા.૨૬મીના રોજ રાત્રીના રાત્રીના દશેક વાગ્યાના આસપાસ દેવગઢ બારીઆ નગરપાલિકામાં ટાઉન પ્લાનર ઓફિસમાં સુપ્રિટેન્ડર તરીકે ફરજ બજાવતાં અને દાહોદ શહેરના સહકાર નગર ખાતે રહેતાં ૩૦ વર્ષિય આશાસ્પદ યુવક કુંજનકુમાર પ્રતાપભાઈ બામણ (લબાના) જેઓ પોતાની ઓફિસનું કામકાજ પતાવી પરત પોતાના ઘરે પોતાના કબજાની ફોર વ્હીલર લઈ આવી રહ્યાં હતા. ત્યારે રાત્રીના સમયે લીમખેડાના પાલ્લી ગામે બ્રીજ પરથી પસાર થતાં નેશનલ હાઈવે પર કોઈ અજાણ્યા મોટા ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નિકુંજકુમારની ફોર વ્હીલર ગાડીને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં નિકુંજકુમાર ફોર વ્હીલર ગાડીની સાથે ફંગોળાયા હતાં. અકસ્માત એટલો ભંયકર હતો કે નિકુંજકુમારની ફોર વ્હીલર ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જેને પગલે નિકુંજકુમારને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. મોડી રાત્રીની ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવાને લઈ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને મૃતક નિકુંજકુમારના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાની જાણ પરિવારજનોને થતાં પરિવારજનો પણ સ્થળ પર પહોંચી ગયાં હતાં અને જ્યાં પરિવાજનોમાં ઘટનાને પગલે ગમગીની છવાઈ ગઈ હતી. દેવગઢ બારીઆ નગરપાલિકાના આ કર્મચારીના મોતના સમાચાર વાયુવેગે દેવગઢ બારીઆ નગરપાલિકા સહિત સરકારી વિભાગોમાં થતાં સરકારી આલમમાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી.આ સંબંધે બાકુભાઈ કાળુભાઈ બામણ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલી તાલુકાના નાગરિકો સમસ્યાનું સમાધાન કરવા જાય તો જાય ક્યાં ?

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકા તથા પંથકના નાગરિકો દ્વારા અવારનવાર ભ્રષ્ટાચાર, રોડ રસ્તા, પાણી, ટ્રાફિક, દબાણ, ગંદગી, સ્વચ્છતા અને આરોગ્ય સુવિધાઓ મળવાપાત્ર રહે તે બાબતે અનેક રજૂઆતો સંજેલી ગ્રામ પંચાયતમાં સરપંચ અને તલાટીને કરાઈ હોવા છતાંય સંજેલીના વહીવટદારો નિરાકરણ કરવામાં અસમર્થ જણાય આવે છે. સંજેલી ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી જાણે જાડી ચામડી હોય તેમ ગ્રામજનોની અરજી કે પ્રશ્નો સાંભળતા ના હોવાનું પ્રતિત થાય છે. જ્યારે લોકશાહી રીતે રજૂઆત કરે છે, પરંતુ શાસન રાજાશાહી જેવુ જણાય આવે, જેથી ગ્રામજનો સ્વાગત કાર્યક્રમ તેમજ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા મજબુર બન્યા છે. જેમાં પણ તાલુકાના અધિકારીઓ, પદાધિકારી લોકોના મુખ્ય પ્રશ્નોનું સમાધાન ન કરી આપતા તેઓ ફકત પોથીના રીંગણા સમાન હોય તેમ સમજી શકાય છે.

સરકાર દ્વારા જે દર માસે તાલુકા સ્વાગત તેમજ જીલ્લાના સ્વાગત કાર્યક્રમ તો યોજાઈ છે છતા પણ સંજેલી જેવા પથકોમાં પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી પરંતુ કાર્યક્રમ આવેલ અરજી કે પ્રશ્નોને એકબીજા અધિકારીઓ, પદાધિકારીને ટ્રાન્સફર ખો–ખો જેમ રમત રમાઈ છે, જેના પરિણામ સ્વરૂપે સરકારી બાબુઓ સરકારના નિયુકત કરેલ અધિકારીઓ મસ –મોટો પગાર તો સમયસર લેતા હોય છે, પરંતુ પ્રજાલક્ષી કામો કરવામા વર્ષો સુધી વિલંબ શા માટે ?

સારૂં સ્વાસ્થ્ય, સારી સ્કૂલ, રસ્તા, સ્વચ્છ પાણી વગેરે જેવી પ્રાથમિક ને ભૌતિક સુવિધા આપવી સરકારની એક ફરજ છે જેને મેળવવા તાલુકાથી લઈ જીલ્લા સુધી અનેક રજૂઆત કરવા છતાં નગરજનો અંધેર વહીવટ નો શિકાર બનતા ક્યારે અટકશે ?

### સંજેલીના લોકો ક્યારે ૧૯મી સદીમાંથી ૨૧ મી સદીમાં આવશે ?

જેના પરિણામે સંજેલી તાલુકામાં લોકોના પ્રશ્નો ફક્ત અને ફક્ત કાગળ ઉપર જ જોવા મળે છે, જો સરકાર દ્વારા નિમણુક કરેલ અધિકારી દ્વારા જો તટસ્થ તપાસ કરવામાં આવે તો કેટલાક સરકારી બાબુઓ પોતાની નોકરી પણ ગુમાવી શકે છે. જેથી તેઓ પોતાના લાગતા વળગતા અધિકારીને કે કર્મચારીને બચાવવામાં ની હોડ લાગી હોય કે પછી કામ જ નહીં કરી ફક્ત લોકોના ટેક્ષના પૈસાથી બેઠો પગાર સરકાર પાસેથી લેય સરકારી તિજોરીને મોટુ નુકશાન કરતા હોય તેવો તેમના કાર્ય પરથી ફલિત થઈ રહ્યું છે. જો અધિકારીઓ તેમનું કામ ૨% પણ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો સંજેલી તાલુકો ૧૯મી સદીમાંથી ૨૧મી સદીમાં જીવન જીવશે.

વધુમાં સંજેલી તાલુકામાં કેટલાક ભુમાફિયા સક્રિય થયેલા છે. જેઓએ મસ મોટુ દબાણ કરેલ છે, જેની અવાર નવાર અરજી કરવામાં આવેલ છે જો આવા ભૂ માફિયા લગામ લાદવામાં અધિકારીઓ નિષ્ફળ ગયેલ છે. તેવું લોકમુખી ચર્ચા જોવા મળે છે. વધુમાં તાલુકાકક્ષાએ આવા સરકારી બબુઓ તો જોવા મળે છે, પરંતુ જીલ્લાકક્ષાએથી પણ ખાસ કોઈ સંતોષકારક કામગીરી કરતા જોવા મળતા નથી. હવે સંજેલી તાલુકા તથા આજુબાજુના પંથકના લોકો પોતાના પ્રશ્નોનો નિરાકરણ લાવવા માટે ક્યાં ફરિયાદ કરવી તે એક વિચારવા જેવો પ્રશ્ન થઈ રહ્યો છે.

# ગરાડુ ગામેથી ગર્ભવતી મહિલાને ડીલીવરી માટે ૧૦૮ લઈ જતી વખતે દુઃખાવો વધતા ૧૦૮ ટીમે નોર્મલ ડીલીવરી કરાવી



દાહોદ,

૨૬ જુલાઈ–૨૦૨૪ ના રોજ ગરાડુ ગામની એક ૨૩ વર્ષ મહિલાને ડીલેવરી દુઃખાવો ઉપડતા ૧૦૮ માં કોલ કરી કેશ નોંધાવ્યો હતો. ત્યારે ઝાલોદ ૧૦૮ને આ કેશ મળતાં તરત જ કોલરને કોલ કરીને પ્રિ અરાઈવલ ઈન્સ્ટ્રકશન આપી તાત્કાલિક જવા રવાનાં થયાં હતાં. ત્યારે ગરાડુ ગામ પહોંચ્યા પછી પેશન્ટ ની કંડીશન જોઈ, પેશન્ટ દુખાવો વધારે હોવાથી તાત્કાલિક એમ્બ્યુલન્સમાં લઈ પછી રસ્તામાં રાજપુર ગામ આવતા બાળકનાં બન્ને પગ દેખાતાં જ એમ્બ્યુલન્સ સાઈડ પર ઊભી રાખી એમ્બ્યુલન્સમાં નોર્મલ ડિલિવરી કરાવી અને ડો ઊછ્ઈડ ડો .મહેશની સલાહ મુજબ ટ્રીટમેન્ટ આપી માતા અને બેબી જીવનો જોખમ માંથી બચાવી S.D.H હોસ્પિટલ ઝાલોદમાં સ્વીફ્ટ કર્યું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફ ઊખઝ અજય ડામોર અન પાઈલોટ અર્જુન કટારાની સૂઝબુઝ થી પેશન્ટને સલામતી પૂર્વક હોસ્પિટલ પહોંચાડ્યું હતું. આમ, ચાલો ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ એક માનવતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

# દાહોદ આઝાદ ચોકડી પાસે રખડતા ઢોરોના ત્રાસથી વાહન ચાલકો પરેશાન



દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર આઝાદ ચોકડી નજીક રખડતા ઢોરોના ત્રાસથી વાહન ચાલકો તેમજ પસાર થતા રાહદારીઓને ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. માર્ગો પર રખડતા ઢોરો અંડિંગો જમાવતા વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ક્યારેક તો રખડતા ઢોરોના લીધે ટ્રાફિકજામના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. અધૂરામાં પૂરૂં આ રાખતા ઢોરોના કારણે વાહનચાલકો માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યા છે. અગાઉ પણ ગ્રામ પંચાયત દ્વારા રખડતા ઢોરો સામે કાર્યવાહી કરી હતી અને ખેડૂતો દ્વારા જે રખડતા ડોરો ગ્રામ પંચાયતમાં પુરવામાં આવ્યા હતા તેને ગોધરા ખાતે પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા. હવે જોવાનું રહ્યું તંત્ર આ રખડતા ઢોરો સામે શું કાર્યવાહી કરે.

# ફતેપુરાના સલરા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત ત્રણ પૈકી એકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના સલરા ગામે બે મોટરસાઈકલો સામ સામે ધડાકાભેર અથડાતા ત્રણ પૈકી એકનું મોત નીપજ્યું હતું. ત્યારે બે ઈજાગ્રસ્ત વ્યકિતઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી જુલાઈના રોજ ફતેપુરા તાલુકામાં રહેતાં પ્રભુભાઈ મણીલાલ વાદી પોતાના કબજાની મોટરસાઈકલ લઈને સલરા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે સામેથી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પ્રભુભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં પ્રભુભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન પ્રભુભાઈનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે શૈલેષ પ્રભુભાઈ વાદીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી અને એબિલિટી દ્વારા વૃક્ષારોપણ

# ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ દ્વારા ઝાલોદ સીવીલ કોર્ટની મુલાકાત લેવામાં આવી



દાહોદ,

નામદાર ગુજરાત હાઈકોર્ટના Hon'ble justice Ms.S.V.Pinto sir એ પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, ઝાલોદ અને નવીન નિર્માણ ફેમીલી કોર્ટ, ઝાલોદની મુલાકાત લીધી. જેમાં દાહોદના district judge saheb, family judge ane Jhalod na એડી.ચીફ જયુડિ. મેજી. એડી.સિવિલ જજ તથા બીજા એડી.સિવિલ જજ તેમજ ઝાલોદ કોર્ટ સ્ટાફ, બાર એસોચિશનનના વકીલઓ, ઝાલોદ મામલતદાર, ચીફ ઓફિસર તેમજ ડી.વાય.એસ પી, ઝાલોદ અને તમામ પોલીસ સ્ટાફ હાજર રહેલ હતો.

# તા.૨૭/૦૭/૨૦૨૪ન નારોજ વાંદરીયા પશ્ચિમ પ્રા.શાળામાં મિશન લાઈફ ડે અને ઈકો કલબની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

સૌ પ્રથમ વાંદરીયા શાળા આચાર્ય આર.એસ.ડામોર અને આ.શિ. એલ.વી.કલાસવા દ્વારા નર્સરી માંથી અંદાજે ૫૦ જેટલા અલગ અલગ છોડવા લાવી આચાર્ય દ્વારા ગુલાબનો છોડ રોપી ઈકો કલબ અંતર્ગત વૃક્ષારોપણ શરૂઆત કરી. ત્યારબાદ તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર શાળામાં આશોપાલવ, જામફળી, જાંબુ, ગુલાબ, જાસૂદ, મહેંદી, સફેદ, લાલ, પીળી બોગનવેલ, મીઠી લીમડી વગેરે પચાસેક જેવા છોડવાઓ રોપવામાં આવ્યા. છેલ્લે આ.શિ. વી.ડી.ડામોર દ્વારા વૃક્ષારોપણ કરી વૃક્ષોની માવજત કરવી અને આજે હવાનું પ્રદૂષણ તથા ગ્લોબલ વોર્મિંગ વિશે વિદ્યાર્થીઓને સમજાવી વૃક્ષો નું આપણા જીવનમાં મહત્વ સમજાવ્યું..મિશન લાઈફ ડે અંતર્ગત આ.શિ. આર.એફ.બામણિયા અને આ.શિ. એમ.એમ.પ્રજાપતિ દ્વારા બાલવાટિકા થી ધોરણ ૫ ના વિદ્યાર્થીઓને ફુગ્ગા ફુલાવવા, ચિત્રકામ, ચિત્રો માં રંગપૂરણી, સ્ટોન દ્વારા ચિત્રોની જીવંતતા, મહેંદી હરીફાઈ વગેરે જેવી પ્રવૃત્તિ કરવામાં આવી. છેલ્લે આ.શિ. વી.સી.કોલચા દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરી આવ્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.287

# ઘોઘંબાના ગમાણી ગામના આંબા ફળીયા અને નાયક ફળીયાના નામના બાળકો નદીના ઠંડાપાણી માંથી પસાર થઈ અભ્યાસ માટે જવા મજબુર



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગમાણી ગામના આંબા ફળીયા તથા નાયક ફળીયાના રહેતા ધોરણ-૧ થી ૪ સુધી અભ્યાસ કરતાં નાના બાળકોને નદીના ઉંડાપાણી માંથી શાળાએ અભ્યાસ માટે થવા મજબુર છે આ ફળીયાનો રસ્તો લાંબા સમયથી મંજુર થયેલ છે. તેમ છતાં રસ્તાની કામગીરી નહિ થતાં બાળકો અને ગ્રામજનોને નદીના પાણી માંથી અવરજવર માટ મજબુર છે. ત્યારે તંત્ર આવા જોખમી અભ્યાસથી બાળકોને મુકિત અપાવે તે જરૂરી છે.

ઘોઘંબા તાલુકાના ગમાણી ગામના આંબા ફળીયા અને નાયક ફળીયા વચ્ચેથી નદી પસાર થતી હોય ચોમાસાની સીજનમાં શાળામાં અભ્યાસ કરતાં પ્રાથમિક શાળામાં ધોરણ -૧ થી ૪ ના બાળકોને નદીના ઉંડાપાણી માંથી પસાર થઈને સામેના કાંઠે અભ્યાસ માટે જવું પડે છે. અભ્યાસ માટે શાળાએ જતાં બાળકોને શાળામાં મોકલવા માટે માં-બાપ બાળકોને ખભે બેસાડીને નદી પાર કરાવવી પડે છે. ગમાણી ગામમાં આંબા ફળીયા અને નાયક ફળીયાનો રસ્તો ઘણા લાંબા સમયથી મંજુર થયેલ આજુબાજુના ખેતરો માંથી રસ્તો પસાર થતો હોય ત્યારે ખેતરોના માલિકો દ્વારા પણ રસ્તા માટે જમીન આપવા માટેની તૈયારી છે. આ રસ્તા ઉપર અન્ય ફળીયાઓ સાતા આંબા ફળીયા, નાયક ફળીયા, લુહાર ફળીયા, બારીયા ફળીયા, કનાસીયા ફળીયા પાસેથી નવો રસ્તો મંજુર થયેલ છે. જો રસ્તો બને તો આ વિસ્તારમાં રહેતા ફળીયાઓના રહિશોને રસ્તાની સુવિધા મળી શકે છે. ચોમાસાની સીજનમાં આ ફળીયાઓની સ્થિતી ખુબ દયનીય બની જાય છે. ત્યારે મંજુર થયેલ રસ્તાની કામગીરી ઉપર તંત્ર કાર્યવાહી પુરી કરીને રસ્તો બને તેવા પ્રયાસ કરવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

# ગોધરા તાલુકાના પઢીયાર ગામની ત્રણ આંગણવાડી કેન્દ્રોના મકાન જર્જરીત બનતા ભાડામાં ચાલતાં આંગણવાડીઓ

ગોધરા,

ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં છેલ્લા ઘણાં સમયથી ત્રણ આંગણવાડી જર્જરીત હાલતમાં છે અને જર્જરીત આંગણવાડી માટે ગ્રામજનો દ્વારા અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આંગણવાડી માટે તંત્ર દ્વારા ધ્યાન નહિ આપવામાં આવતાં ભાડાના મકાનમાં આંગણવાડી કાર્યક્રમ છે. ભાડાના મકાનમાં જ્યાં આંગણવાડી ચાલી રહી છે. ત્યાં ગંદકીને લઈ બાળકોને બિમારીનો ભય સતાવી રહ્યો છે.

ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં ત્રણ આંગણવાડી કાર્યરત છે. પઢીયાર મુખ્ય, પઢીયાર કરણના મુવાડા, અંદરના મુવાડા ત્રણેય



આંગણવાડીઓ છેલ્લા ૧૦ વર્ષથી જર્જરીત હાલતમાં છે. આંગણવાડી ખંડેર અને જર્જરીત થતાં ગ્રામજનો દ્વારા અનેકવાર લાગતા વળગતા સત્તાધિશોનું ધ્યાન દોરવામાં આવ્યું છતાં જર્જરીત આંગણવાડીના બિલ્ડીંગ માટે કોઈ કાર્યવાહી કરવામા આવી નથી. જેને કારણે હાલમાં જર્જરીત આંગણવાડીને બદલી કરીને ભાડાના મકાનમાં આંગણવાડી ચલાવવામાં આવી રહીછે. ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીમાં ભારે અગવડતા પડી રહી છે. અમુક ઘર લીંપણવાડા હોય છે હાલમાં ચાંદીપુરા વાયરસનો કહેર છે. ત્યારે આંગણવાડીમાં આવતાં બાળકોના આરોગ્યની પણ ચિંતા સતાવી રહી છે. ભાડાના મકાનોમાં ચાલતી આંગણવાડીની આસપાસ ગંદકીને લઈ બાળકો બિમાર થવાની શકયતા રહે છે. ત્યારે પઢીયાર ગામની જર્જરીત આંગણવાડીઓના નવા બિલ્ડીંગ બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આંગણવાડીના નવા બિલ્ડીંગ નહિ બનાવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પંચમહાલ દ્વારા ત્રિ દિવસીય ઈન્સ્પાયર એવોર્ડ માનાક માર્ગદર્શન વર્કશોપ યોજાયો



ગોધરા,

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ દ્વારા ઈન્સ્પાયર એવોર્ડ માનાંક અંતર્ગત વર્કશોપ યોજવામાં આવ્યો. તેમાં સાત તાલુકામાં કુલ ૨૫૫ સીઆરસી કોઓર્ડીનેટર, આચાર્ય અને શિક્ષકો તેમજ દરેક તાલુકાના બી.આર.સી. કોર્ડીનેટરો વર્કશોપમાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલના સિનિયર વ્યાખ્યાતા ઉમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈન્સ્પાયર એવોર્ડ માનાંકના ઈતિહાસ અને INSPIRE અંતર્ગત ત્રણ સ્કીમ વિશે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલના સિનીયર લેક્ચરર ઉમેશભાઈ દ્વારા ખૂબ જ ઊંડાણપૂર્વક વિગતે સમજ આપવામાં આવી. તથા ઈન્સ્પાયર એવોર્ડ માનાંક અંતર્ગત બાળકોના રજીસ્ટ્રેશન કરવા અંગેની સંપૂર્ણ સમજ તજજ્ઞ રાઠોડ નિતેશ ખુમાનસિંહ દ્વારા આપવામાં આવી. ઈન્સ્પાયર એવોર્ડ માનાંક અંતર્ગત ધોરણ ૬ થી ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા તમામ બાળકો પોતાનો ઈનોવેટિવ આઈડિયા અપલોડ કરી શકે છે.તેઓનો આઈડિયા પસંદગી પામતા પસંદ થયેલ બાળકને સરકાર દ્વારા રૂપિયા ૧૦,૦૦૦ આપવામાં આવે છે. જેના દ્વારા બાળક મોડેલ નિર્માણ કરી શકે આ સ્કીમનો લાભ જીલ્લાની તમામ શાળાઓ તથા બાળકોને મળી રહે તે માટે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલના સિનિયર લેકચરર ઉમેશભાઈ ચૌહાણ દ્વારા તાલુકા દીઠ વર્કશોપ યોજવામાં આવ્યા. તમામને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. તમામ તાલીમાર્થીઓને ઈન્સ્પાયર એવોર્ડ માનાંક યોજના અંતર્ગત સમજ વધુ દ્રઢ બને તે માટે તમામને હાર્ડકોપી અને સોફ્ટ કોપીમાં મોડ્યુલ પણ આપવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ કરી તેઓ પોતાના કલસ્ટર લેવલે સમાવિષ્ટ તમામ શાળાઓના શિક્ષકોને માર્ગદર્શિત કરી શકે. આ વર્કશોપ અંગેની પ્રેરણા અને માર્ગદર્શન જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય બી.પી.ગઢવી દ્વારા પૂરા પાડવામાં આવેલ હતી.

# દેલોલ વૃંદાવન હોટલ પાસે મોટરસાયકલ પર જતા માતા પુત્ર અને નાની બાળકીને ઈકો કારે ટક્કર મારતા ત્રણેવ ઈજાગ્રસ્ત

કાલોલ,

કાલોલ પોલીસ મથકે આજરોજ રવિવારે નોંધાયેલી ફરિયાદની વિગતો જોતા બેઢીયા પાસે ગુલાબસિંહની મુવાડી ખાતે રહેતા દેવાભાઈ હીરાભાઈ પરમારનો પુત્ર જગદીશ પોતાની માતા મણીબેન સાથે ત્રણ વર્ષની ભત્રીજી તન્વીને લઈને ગત તા ૩૧/૦૫ ના રોજ કાલોલ ખાતે સામાજીક કામે જવા મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. ત્યારે દેલોલની આગળ વૃંદાવન હોટલ થી થોડે દૂર એક ઈકો કાર ચાલકે તેઓને મોટરસાયકલને પાછળથી ટક્કર મારતા ત્રણેય રોડ ઉપર પટકાયા હતા. જેમાં મોટરસાયકલ ચાલક જગદીશભાઈને મોઢાના ભાગે, જમણે હાથે, જમણે પગે ઈજાઓ પહોંચી હતી. તેમજ તેઓની માતાને જમણા હાથે ઈજાઓ થઈ હતી. નાની બાળાને મોઢાના ભાગે તથા બંને હાથે પગે ઈજાઓ પહોંચી હતી. કાલોલ રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેઓ હાલોલની ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા હતા. જયાં લાબી દવા સારવાર કરાવ્યા બાદ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત કરી ફરાર થઈ ગયેલા ઈકો કાર ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલોલની વૃંદાવન પાર્ક સોસાયટીમાં ચાર ઈસમોએ બોલેરો ગાડીને આગ ચાંપવાની ઘટના સીસી ટીવીમાં કેદ

કાલોલ,

કાલોલ ની વૃંદાવન પાર્ક ૨ સોસાયટીમાં શુક્રવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે ચાર ઈસમો મોઢું ઢાંકીને મોટરસાયકલ ઉપર પ્રવેશ કરે છે અને જોગીન્દરસિંહ દુધાનીના ઘર આંગણે પાર્ક કરેલી બોલેરો ગાડીને પેટ્રોલ છાંટી આગ લગાડી ભાગે છે. સમગ્ર ઘટના જોગીન્દરસિંહના ઘરે લાગેલા સીસીટીવી કેમેરામાં અને અન્ય એક સીસીટીવી કેમેરામાં ક્લિક થઈ જાય છે.. સમગ્ર બાબતે જોગીન્દરસિહ દૂધાની એ કાલોલ પોલીસ સ્ટેશન નો સંપર્ક કરી હાલોલના પાવાગઢ રોડ જાંબુવાડીના બે ઈસમો અને ભાદરવાના બે ઈસમો સામે અંગત અદાવત રાખીને આ કૃત્ય કર્યું હોવાનો આક્ષેપ કરતા પોલીસે સીસીટીવી આધારે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. પાવાગઢના બે સરદારજી એ થોડાક સમય પહેલા તાલુકા



પંચાયત કચેરી પાસે ચાની લારી પર જોગીન્દરસિહ ઉપર હુમલો કર્યો હતો. જે અંગેનો કેસ પાછો ખેંચી લેવા આ લોકો અવારનવાર પોતાને ધમકીઓ આપતા હોવાથી તથા સીસીટીવીમાં દેખાતા ઈસમો આજ લોકો હોવાનો આક્ષેપ કરી કાલોલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ શરૂ કરતા પોલીસે આક્ષેપીત બે ઈસમોને બોલાવી પુછપરછ કરી છે અને વધુ બે ઈસમોને બોલાવ્યા હોવાની વિગતો જાણવા મળી છે. પોલીસે ફરીયાદ નોંધાતા પૂર્વ ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી હોવાનુ જાણવા મળેલ છે અને પુરાવા મળ્યે થી ફરીયાદ દાખલ કરવામાં આવશે તે વિગતો જાણવા મળેલ છે. ત્યારે ઘર આંગણે મુકેલ ગાડીને પેટ્રોલ છાંટી સળગાવવાની અત્યંત ગંભીર ઘટના બાદ પોતાને જીવનું જોખમ હોઈ આ બાબતે નક્કર કાર્યવાહી થાય તેવી ફરીયાદી જોગીન્દરસિંહની માંગ છે.

# શહેરા નગરના વચ્છેસર તળાવના નીચેના ભાગેના રસ્તા ઉપર કાદવ-કીચડ હોવાથી ત્યાંના રહીશોને અવર જવર કરવામાં ભારે હાલાકી વેઠવી પડી રહી



શહેરા,

શહેરા નગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વચ્છેસર તળાવના નીચેના ભાગે ના રસ્તા ઉપર કાદવ-કીચડ હોવાથી ત્યાંના રહીશોને અવર જવર કરવામાં ભારે હાલાકી વેઠી રહ્યા છે. જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર જોવા મળી રહયો હોય ત્યારે પાલિકા દ્વારા અહીં જોવા મળતી ગંદકી દૂર કરીને દવાનો છંટકાવ કરે એવી આશા અહીંના નગરજનો રાખી રહ્યા હતા.

શહેરા નગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વચ્છેસર તળાવના નીચેના ભાગેના રસ્તા ઉપર કાદવ કીચડ હોવાથી ત્યાંના રહીશોને અવર જવર કરવામાં ભારે હાલાકી વેઠી રહ્યા છે. રસ્તા પર કાદવ કીચડના કારણે વાહનો સ્લીપ ખાઈ જવા સાથે અમુક સમયે કપડા પણ ગંદા થતા હોય જેના કારણે જાગૃત નાગરિક દ્વારા આ બાબતની જાણ પાલિકા તંત્રને પણ કરવામાં આવી હતી. જોકે, હાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર દિન પ્રતિ દિન વધતો જતો હોય ત્યારે પાલિકા તંત્ર દ્વારા આ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરીને ગંદકીનું સામ્રાજ્ય દૂર કરીને દવાનો છંટકાવ કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી હોય ત્યારે જોવુંજ બની રહ્યું કે પાલિકા તંત્ર આ બાબતે પોતાની ફરજ અહી નિભાવશે કે પછી રોગચાળો ફાટે ત્યાર પછી આ વિસ્તારમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે એવી અનેક ચર્ચાઓ અહીંના સ્થાનિક નગરજનોમાં જોરશોરથી થઈ રહી હતી. ચોમાસાની ઋતુ શરૂ હોય ત્યારે પાણીજન્ય રોગો તેમજ રસ્તા પરના ખાડામાં ગંદા પાણી ભરાઈ જવાના કારણે મચ્છરો નો ઉપદ્રવ વધી રહ્યો હોવા સાથે વચ્છેસર તળાવના આજુબાજુમાં રહેતા નગરજનો અનેક સમસ્યાથી હેરાન પરેશાન હોય ત્યારે પાલિકાના સત્તાધીશો વોર્ડ મુજબ મુલાકાત લઈને જે કોઈ સમસ્યા હોય તે તાત્કાલિક હલ કરવા માટે વિચારવામાં આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ પરંતુ પાલિકાના ચીફ ઓફિસર હોય કે પાલિકાના સત્તાધીશો આ બાબતે વિચારતા ન હોય ત્યારે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લેવામાં આવીને નગરજનોના મહત્વનો પ્રશ્નો હલ કરવામાં આવે તેઓ દ્વારા એવી આશા નગરજનો આશા રાખી રહયા હતા. જોકે ચોમાસાની ઋતુમાં નગરના મહત્વના રસ્તા હોય કે પછી સોસાયટીમાં મચ્છરોનો ઉપદ્રવ જોવા મળતો હોય ત્યારે નગર પાલિકા પોતાની નૈતિક ફરજ સમજીને દવાનો છંટકાવ ક્યારે કરશે એ તો આવનારા દિવસોમાં ખબર પડી જશે તેમ છે.

# કાલોલના ધુસર અને પરૂણાને જોડતો ગોમા નદી પરનો કોઝ વે ધોવાતા ૬ જેટલા ગામોના વાહન વ્યવહાર ઉપર અસર

કાલોલ,

કાલોલ તાલુકાના ધુસર થી પરૂણા ગામને જોડતો ગોમા નદી પરનો કોઝ વે નદીમાં આવેલા પુરને લઈ ધોવાઈ જતાં ૬ જેટલા ગામોના વાહન વ્યવહારનુ અસર થવા પામી છે.

કાલોલ તાલુકાના ઉપરવાસમાં પડેલ વરસાદને લઈ ગોમા નદી બે કાંઠે થઈ હતી. નદીમાં નવા નીરની આવક પણ થઈ હતી. ત્યારે ધુસર અને પરૂણા



ગામને જોડતા ગોમા નદી પરનો કોઝ વે પાણીને લઈ ધોવાયો હતો. કોઝ વે ધોવાઈ જતાં પરૂણા, અડાદરા, ભુખ, ફણસી અને આથમણા ગામને જોડતા વાહન વ્યવહાર ઉપર અસર થવા પામી છે. કોઝ વે તુટતા લોકો અને કિલોમીટરના લાંબા આંટા મારવાનો સમય આવ્યો છે.

# શહેરા નગરના નાડા બાઈપાસ રોડ ઉપર આવેલી પટેલ ટ્રેડર્સ નામની અનાજની દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક તપાસ



શહેરા,

શહેરા નગરના નાડા બાઈપાસ રોડ ઉપર આવેલી પટેલ ટ્રેડર્સ નામની અનાજની દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક તપાસ દરમિયાન સરકારી ૫૪ કટ્ટા ચોખાના અને ૮ કટ્ટા ઘઉંના મળી આવ્યા હતા. ખાનગી અનાજના દુકાનદારની બે દુકાનો સીઝ કરી જરૂરી કાર્યવાહી હાથધરી ને રૂપિયા ૧,૧૪,૯૨૭ની કિંમતનો ઘઉં અને ચોખાના જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.શહેરા નગરના નાડા બાયપાસ રોડ ઉપર આવેલી પટેલ ટ્રેડર્સ નામની ખાનગી અનાજની દુકાનમાં સરકારી અનાજનો જથ્થો હોવાની માહિતી જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાને મળી હતી. મળેલી માહિતીના આધારે જીલ્લા પુરવઠા અધિકારી એ પટેલ ટ્રેડર્સ નામની અનાજની દુકાનમાં આકસ્મિક તપાસણી કરવામાં આવતા સરકારી ૫૪ કટ્ટા ચોખાના અને ૮ કટ્ટા ઘઉંના મળી આવતા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, પટેલ ટ્રેડર્સ નામની ખાનગી અનાજની દુકાનમાં સરકારી ચોખા અને ઘઉંનો આટલો મોટો જથ્થો ક્યાંથી આવ્યો તે એક વિચારવા જેવો પ્રશ્ન બની જવા પામ્યો હોય ત્યારે જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા દ્વારા આ દિશામાં તપાસના ચક્રોગતિમાન કરવામાં આવ્યા હોય એમ કહીએ તો નવાઈ નહીં. સરકારી અનાજનો મોટો જથ્થો ખાનગી અનાજની દુકાન માંથી મળી આવતા જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા અનાજનો જથ્થો સીઝ કરીને બે દુકાનોને સીલ કરવામાં આવી હતી. જોકે, આ ખાનગી અનાજની દુકાનમાં અનાજ વેચવા આવતા લોકો પાસેથી અનાજનો જથ્થો લેવામાં આવી રહયો હોવાનું દુકાનદાર પાસેથી જાણવા મળેલ હતું. ખાનગી અનાજની દુકાનમાં સરકારી અનાજનો જથ્થો મળી આવ્યો હોય ત્યારે શું સસ્તા અનાજની દુકાનના કોઈ દુકાનદાર દ્વારા અહીં જથ્થો વેચવામાં આવ્યો હશે કે શું? દાઉદ નામના આ અનાજના વેપારી પાસેથી અગાઉ પણ સરકારી અનાજનો જથ્થો મળી આવતા મામલતદાર ધર્મેન્દ્ર પટેલ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે ફરીથી બીજી વખત જીલ્લા પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન દુકાન માંથી સરકારી અનાજનો મોટે જથ્થો મળી આવ્યો હોય ત્યારે કેવા પ્રકારની કાર્યવાહી આ દુકાનદાર સામે કરવામાં આવશે, એ તો જોવું જ બની રહ્યું છે. જીલ્લા પુરવઠા અધિકારીએ અનાજની દુકાન માંથી મળી આવેલ સરકારી ૫૪ કટ્ટા ચોખાના અને ૮ ઘઉં મળીને કુલ રૂપિયા ૧,૧૪,૯૨૭ નો અનાજનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. હાલ તો જીલ્લા પુરવઠા અધિકારી ની કડક કાર્યવાહીના પગલે ગેરકાયદે અનાજનો વેપલો કરતા દુકાનદારોમાં ફફડાટ ફેલાયો હતો.

# શહેરા મામલતદાર કચેરીમાં શનિવારે પણ પુરવઠા શાળામાં ઈ-કેવાયસી માટે રેશનકાર્ડ ધારકોની લાંબી લાઈનો

શહેરા,

શહેરા તાલુકા સેવા સદન ખાતે શનિવારના રોજ રજા હોવા છતાં પુરવઠા શાખામાં રેશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસીની કામગીરી કરવામાં આવી રહી હતી. રેશનકાર્ડ ધારકોની પુરવઠા શાખાની બહાર લાંબી લાઈનો લાગેલી જોવા મળવા સાથે ત્રણ કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ઈ- કેવાયસીની કામગીરી કરવામાં આવી રહી હોય તેમ છતાં લાંબી લાઈનો ટૂંકી થઈ રહી ન હતી. જયારે ગ્રામ પંચાયત કચેરી ખાતે ઈ-કેવાયસીની કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ રેશનકાર્ડ ધારકો માંથી ઉઠી રહી હતી.



શહેરા તાલુકા સેવાસદન માં આવેલ મામલતદાર કચેરીના પુરવઠા શાખામાં શનિવારના રોજ રજા હોવા છતાં રેશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસીની કામગીરી શરૂ હતી. અહી સવારથી લાંબી લાઈનો રેશનકાર્ડ ધારકોની જોવા મળવા સાથે નાયબ મામલતદાર રામાભાઈ તાવિયાડ દ્વારા ઝડપી કામગીરી થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા હતા. ત્રણ કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા રેશનકાર્ડ ધારકોની ઈ કેવાયસીની કામગીરી કરવામાં આવી રહી હોય તેમ છતાં આ પુરવઠા શાખાની બહાર રેશનકાર્ડ ધારકોની લાંબી લાઈનો લાગેલી દિવસ દરમિયાન જોવા મળી રહી હતી. જોકે, તાલુકાના ગ્રામીણ વિસ્તારમાંથી બધુ ઘર કામકાજ છોડીને રેશનકાર્ડ ધારકો રેશનકાર્ડમાં જેટલા નામો હોય તેમને સાથે લઈને કચેરી ખાતે ઈ કેવાયસી કરવા માટે સવારના આવી જતા હોય અને નંબર જતો રહેશે એવી બીક ના લીધે લાઈન માંથી નીકળતા પણ ના હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા ગ્રામ પંચાયત કચેરી ખાતે ઈ-કેવાયસીની કામગીરી શરૂ કરવામાં આવે જેથી ગ્રામીણ વિસ્તારના રેશનકાર્ડ ધારકોને તાલુકા મથક ખાતે ઈ-કેવાયસી કરવા માટે આવું પડે નહી, પુરવઠા શાખાની એક સારી કામગીરી રજાના દિવસે જોવા મળી રહી હોય ત્યારે રેશનકાર્ડ ધારકો પણ શાંતિથી લાઈનમાં બેસી જઈને પોતાના નંબરની રાહ દેખી રહ્યા હતા. પુરવઠા શાખા ખાતે રેશનકાર્ડ ધારકો ની લાંબી લાઈનો લાગેલી જોવા મળતી હોય ત્યારે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ગ્રામ પંચાયત કચેરી ખાતે સંબંધિત તંત્ર દ્વારા ઈ-કેવાયસીની કામગીરી વહેલી તકે ચાલુ કરવામાં આવે તેવી આશા રેશનકાર્ડ ધારકો રાખી રહ્યા હતા. પુરવઠા શાખા દ્વારા રેશનકાર્ડ પ્રમાણે ૫૨.૫૬ ટકા અને જન સંખ્યા પ્રમાણે ૩૩.૮૨ ટકા ઈ કેવાયસી ની કામગીરી કરવામાં આવી હતી. જીલ્લામાં પ્રથમ વખત આ ઈ કેવાયસીની કામગીરી કરવામાં આવી રહ્યો ત્યારે બોગસ લાભાર્થીઓ રદ થશે અને મળવાપાત્ર લાભાર્થીઓને લાભ મળી શકશે તો નવાઈ નહી.